શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ તથા શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્નું મુખપત્ર

सद्विद्या प्रवर्तावो पृथ्वी परे...

ગુરુકુલ દર્શન

ISSN 2582-6409
વર્ષ : ૧૪ અંક : ૧૦-૧૧
ઓક્ટોબર-નવેમ્બર : ૨૦૨૨

નૂતન વર્ષાભિનંદન

॥ નૂતન વર્ષાભિનંદન ॥

આત્મીય શ્રી...

દીપાવલી અને નૂતન વર્ષના મંગલ પર્વે આપ સર્વને હૃદયથી અભિનંદન...

ભગવાન શ્રીહરિ આપ સર્વને સર્વ પ્રકારે સુખી રાખે એવી આ મંગલ પર્વે શ્રીહરિના ચરણમાં પ્રાર્થના...

દીપાવલીનું પર્વ એટલે દીપમાળાનું પર્વ. અંધકાર ઉપર પ્રકાશના વિજયનું પર્વ.

અજ્ઞાન અંધકાર છે. જ્ઞાન પ્રકાશ છે. મનુષ્ય જન્મ જ્ઞાનના પ્રકાશ દ્વારા અજ્ઞાનના અંધકાર ઉપર વિજય મેળવવા માટે છે.

જ્ઞાન અને બુદ્ધિમાં ફરક છે. બુદ્ધિ આગિયા જેવી છે. જ્ઞાન નૂતન વર્ષના ઝળહળતા સૂરજ જેવું છે.

માનવજાતે કરોળિયાના ઝાળા જેવા બુદ્ધિના ઝાળામાં અટવાઈ જવાને બદલે જ્ઞાનની ઉપાસના કરવી જોઈએ.

બુદ્ધિ અહંકારની વૃદ્ધિ કરે છે. જ્ઞાન અહંકારને ઓગાળી નાખે છે.

આપણો અહંકાર એ જ આપણો મોટો શત્રુ છે અને આપણી આધ્યાત્મિક પ્રગતિ આડે અમાસની અંધારી રાત જેવું આવરણ છે.

જે પોતાના અહંકાર ઉપર વિજય મેળવી શકે છે, એ જ વિશ્વ ઉપર વિજય મેળવી શકે છે.

જ્ઞાનના પ્રતીક સમી દીપમાળાની જ્યોતો અને નૂતન વર્ષનો ઝળહળતો સૂરજ આપણને સાચા વિજયને માર્ગે દોરે એવી શુભ કામના...

પૂજ્ય શ્રીબાલકૃષ્ણદાસજી સ્વામી, પૂજ્ય શ્રીહરિસ્વરૂપદાસજી સ્વામી તથા ગુરુકુલ પરિવારના સર્વ સંતો-વિદ્યાર્થીઓના સ્નેહ સાથે જય શ્રીસ્વામિનારાયણ...

લી. સ્નેહાધીન
સ્વામી માધવપ્રિયદાસ



ગુરુકુલ દર્શન

સદ્‌વિદ્યા સદ્ધર્મરક્ષક પ્રાતઃસ્મરણીય
પરમ પૂજ્ય ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ
શ્રી ધર્મજીવનદાસજી સ્વામી

: આશીર્વાદ :
પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય
શ્રી જોગીસ્વામી

: પ્રેરણા :
પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી
શ્રી માધવપ્રિયદાસજી સ્વામી

ભગવાન શ્રી સ્વામિનારાયણ

વર્ષ-૧૪, ઓક્ટોબર-નવેમ્બર : ૨૦૨૨, અંક : ૧૦-૧૧

રૂડો દિવાળીનો દિવસ...

રૂડો દિવાળીનો દિવસ કે, મંગળ ગાઈએ રે;
ચાલો નંદજીને દરબાર,
સૌ મળી જાઈએ રે-મંગળ૦ ૧

કુંવર રંગીલો કહાનજી રે, વાયે છે સુંદર વેણ;
નીરખી નટવર નાથને આજ,
પાવન કરશું નેણ-મંગળ૦ ૨

સૌ મળી કહેશું સુંદરી રે, ભેટ્યાનો છે ભાવ;
માત જશોદા પાસળે બહેની,
માગી લેશું માવ-મંગળ૦ ૩

લઈ મેરાઈયાં લાલજી રે, આવશે આપણે ઘેર;
બ્રહ્માનંદ કહે ઘી ઘણું,
માંહી પૂરશું સારી પેર-મંગળ૦ ૪

પ્રકાશક તથા માલિક : બાલકૃષ્ણદાસજી સ્વામી
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ-૫૨
તંત્રી : શામજી ભગત
સંપાદક : સાધુ યજ્ઞવલ્લભદાસ
તસ્વીર : જી. વિઝન
કલા સંયોજન : હરિકૃષ્ણ ગ્રાફીક્સ

વાર્ષિક લવાજમ : રૂા. ૫૦/-
પંચવાર્ષિક લવાજમ : રૂા. ૨૫૦/-
૨૫ વર્ષનું લવાજમ : રૂા. ૭૦૦/-
વિદેશમાં ૨૫ વર્ષનું લવાજમ : $ ૧૧૦/-

લવાજમ અંગે પત્રવ્યવહાર
'ગુરુકુલ દર્શન' કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ
ગુરુકુલ રોડ, મેમનગર, અમદાવાદ-૫૨
(૦૭૯) ૨૭૯૧૨૫૯૧/૯૨

'ગુરુકુલ દર્શન' દર મહિનાની ૨૫ તારીખે પ્રગટ થાય છે. એ પછીના એક અઠવાડિયા સુધીમાં આપને અંક ન મળે તો નજીકની પોસ્ટ ઓફિસ અથવા પોસ્ટમાસ્તરનો સંપર્ક કરવો. એડ્રેસમાં સુધારો પત્ર અથવા ઈમેઈલથી જ થશે.

SwaminarayanGurukul
GurukulParivar
swaminarayangurukul.org
darshan@sgvp.org

જીવનનો શ્રેષ્ઠ રાહ બતાવે એ આદર્શ

- સ્વામી માધવપ્રિયદાસ

આદર્શ શબ્દનો અર્થ છે દર્પણ.

જેની સામે જોઈને આપણે આપણાં વ્યક્તિત્વનો શ્રેષ્ઠ વિકાસ સાધી શકીએ, એને આદર્શ કહેવાય.

જીવનના ઘડતર માટે આદર્શ વ્યક્તિત્વ માર્ગદર્શનરૂપ હોય છે.

વ્યક્તિમાં પ્રબળ ઇચ્છાશક્તિ અને સામે યોગ્ય માર્ગદર્શક હોય, તો જીવન સોળે કળાએ ખીલી ઊઠે છે.

આજનું નવું જનરેશન 'વીથ ડોટ કોમ' જન્મે છે. આજના નવી પેઢીના ભૂલકાંઓ નાનપણથી જ જાતજાતના આદર્શોને પસંદ કરે છે.

આ નાનાં નાનાં બાળકોના રૂમમાં એનાં મનના માનેલા એક્ટરો-એક્ટ્રેસો, ખેલાડીઓ વગેરેના ફોટા ટીંગાતા હોય છે. આ ફોટાઓમાં નાનાં બાળકનું સ્વપ્ન સમાયેલું હોય છે કે 'હું આગળ જઈને આવો બનીશ'

આ ફોટાઓ ઉપરથી જ આપણને અંદાજ આવી જાય કે આગળનો પાક કેવો આવશે!

જાતજાતની સાંસારિક ગૂંચવણમાં વ્યસ્ત માતા-પિતાઓને પોતાનાં બાળકોને સંસ્કારી બનાવવાની અથવા તો જીવનનો ઉત્તમ આદર્શ કોણ હોઈ શકે ? એ સમજાવવાનો સમય કે તમન્ના ભાગ્યે જ જોવા મળે છે. બાળકોને જન્મ દીધા પછી એને મનગમતી સગવડતાઓ પૂરી પાડીને માતા-પિતાઓ પોતાની જવાબદારીઓમાંથી મુક્ત થઈ જતા હોય છે.

મારી નજર સામે બનેલો એક બનાવ છે.

અમેરિકામાં એક સુખી ઘરના નાનાં બાળકે પોતાનાં મનમાં મોંઘીદાટ ડ્રીમકાર વસાવી હતી. એના પિતાએ શરત મૂકી હતી કે 'જો તુ સારા ગ્રેડથી ગ્રેજ્યુએટ થઈશ, તો હું તને એ કાર લઈ દઈશ.'

છોકરો ગ્રેજ્યુએટ થયો, બાપે કાર લઈ દીધી, પણ મુશ્કેલી તો ત્યારે થઈ કે જ્યારે છોકરો ડ્રીમ કારમાં બેસવા ગયો ! છોકરો લાંબો તાડ જેવો અને ગાડી નાની પાલખી જેવી! છોકરો સીટમાં સમાણો નહીં!

કોણ જાણે કેમ ! અમેરિકાના છોકરા ઈંજેક્શન મારેલા રીંગણાની જેમ રાતે ન વધે એટલા દિવસે અને દિવસે ન વધે એટલા રાતે વધે છે ! ઘણા તો ઘરના દરવાજાના બારસાખ બદલવા પડે એટલા ઊંચા થઈ જાય છે!

પેલા છોકરાની ઊંચાઈ ખૂબ વધી ગયેલી, જ્યારે ડ્રીમ કાર જેમની તેમ નીચી હતી. છોકરો સીટમાં બેઠો, તો કોઈ ગામડિયો માણસ પછેડીથી ઢીંચણ બાંધીને બેઠો હોય એવો ઘાટ થયો ! આખરે આખેઆખી ડ્રીમ કાર બદલવી પડી!

પૈસાદાર લોકો માટે ડ્રીમ કારનો પ્રશ્ન ઉકેલવો સરળ હોય છે, પરંતુ ઘણા તો 'ડ્રીમ ગર્લ'માં જીવનભર સલવાઈ જતાં હોય છે, જેના સમાધાન પૈસાથી પણ થતા નથી!

જીવનના વિકાસમાં કોઈને કોઈ આદર્શ વ્યક્તિત્વને ઉપાસવાની આવશ્યકતા હોય છે.

ભારતમાં એક સમય એવો હતો કે જ્યારે નાનાં નાનાં બાળકોનાં જીવનમાં રામ, કૃષ્ણ, હનુમાનજી, અર્જુન જેવા શ્રેષ્ઠ આદર્શોની પ્રતિષ્ઠા થતી. પરિણામે બાળકોનું વ્યક્તિત્વ ઉત્તમ સંસ્કારોથી યુક્ત બનતું.

અમારા સાધુજીવન માટે તો 'સદ્‌ગુરુ' જ ઉત્તમ આદર્શ હોય છે, જે શિષ્યોનું અનેક રીતે ઘડતર કરે છે.

જોકે, મારી વાત નોખી છે. મેં નાનપણથી કોઈ આદર્શ મનમાં ધાર્યો નહોતો, ધારી શકાય તેવી ગતાગમ પણ નહોતી. મને મહાન સદ્‌ગુરુઓ મળશે એવી કલ્પના પણ ન હતી. મારાં જીવનની વેલ સહજ રીતે પાંગરતી હતી.

નાનપણમાં એક વડીલ રામાયણનો પ્રેમથી પાઠ કરતા, હું એમની પાસે બેસી એનું પાન કરતો. ગામને ચોરે કથાકારો આવે, રામાયણ-મહાભારતની કથા કરે એ

સાંભળવા અચૂક જતો.

'પરમાર્થ', 'ચાંદામામા', 'ફૂલવાડી' જેવી પૂર્તિઓનું વાંચન કરવાનું ગમતું.

આજે મને લાગે છે કે સંસ્કારી વાતાવરણ અને સારાં પુસ્તકો જીવન ઘડતરના શ્રેષ્ઠ આદર્શો છે, જે અજાણતા પણ આપણી આંતરચેતનાને નિખારે છે.

આજે જીવનના પ્રભાવક પરિબળો બદલાયાં છે. રામાયણ અને મહાભારત જીવનને બદલે ટીવી-સીરીયલોમાં ગોઠવાઈ ગયા છે. સવાર અને સાંજની પ્રાર્થના ઉપર જાતજાતની ટીવી ચેનલોએ કબજો કર્યો છે.

નવી પેઢીનું નિર્માણ કરનારા આ પરિબળો ઉપરથી જ અંદાજ માંડી શકાય છે, કે વ્યક્તિનું ભવિષ્ય કેવું હશે!

ગુરુકુલમાં પ્રવેશ

ગામડાંના વાતાવરણમાંથી મારે શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ-રાજકોટમાં ભણવા આવવાનું થયું, આ પણ પરમાત્માની કૃપાનું જ પરિણામ હતું. મને સ્વામિનારાયણ સંપ્રદાયનું કોઈ જ્ઞાન નહોતું. ભગવાન શ્રી સ્વામિનારાયણ વિશે જાતજાતની મજાકો સાંભળેલી!

મારા માટે ગુરુકુલમાં પ્રવેશ એટલે કાદવમાંથી કમળના વિકાસ જેવી વાત હતી.

મારું બચપણ ધાર્મિક શ્રદ્ધાથી ભરપૂર હતું, પરંતુ શાળાના અભ્યાસે હૃદયમાં ધર્મ પ્રત્યે પૂર્વગ્રહો પેદા કર્યા.

'શેષનારાયણ પૃથ્વીને ધારી રહ્યા છે', આવી પ્રતીકાત્મક વાતો હાસ્યાસ્પદ લાગવા માંડી.

ગુરુકુલની શિક્ષાએ મારાં મનનો મેલ ધોયો. ધીરે ધીરે ધર્મ અને વિજ્ઞાન વચ્ચે સમન્વય સધાતો ગયો. ભારતીય ઋષિમુનિઓ શ્રેષ્ઠ વૈજ્ઞાનિકો હતા એ સમજાવા લાગ્યું. પરિણામે મારું મન વિજ્ઞાન અને ધર્મ પ્રત્યે એક સાથે અહોભાવ અનુભવવા લાગ્યું.

ભારતના ઋષિઓએ સૃષ્ટિના સૂક્ષ્મતમ વૈજ્ઞાનિક રહસ્યોને પ્રતીકોથી સમજાવવા પ્રયાસ કર્યો છે.

આપણે આપણી બુદ્ધિ કે વિજ્ઞાનના આધુનિક સાધનોથી જે અનુભવીએ છીએ એથી પર પણ સૂક્ષ્મતમ વિશ્વનું અસ્તિત્વ છે. આ અલૌકિક સૃષ્ટિના રહસ્યોને ઉકેલવામાં આપણી બુદ્ધિ તેમજ આધુનિક વિજ્ઞાનના માપદંડો ભારે ટૂંકા પડે તેમ છે. આપણા માપદંડોની આ મર્યાદા આપણે ખુલ્લા દિલે સ્વીકારી લેવી જોઈએ.

આ દૃષ્ટિએ વિચારતા આજની શાળાઓનું શિક્ષણ પૂર્વગ્રહથી ભરપૂર અને ભારે અધૂરિયું લાગે છે.

ગુરુકુલમાં મારાં જીવનઘડતરમાં જેમનો મુખ્ય ફાળો રહ્યો, એવા ત્રણ સંતો હતા. એક તો ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામી કે જેમણે પ્રાચીન ગુરુકુલ શિક્ષણ પદ્ધતિને અર્વાચીન યુગમાં પુનર્જાગૃત કરી. બીજા બે એમના સહયોગી સંતો હતા. એક પુરાણી સ્વામી શ્રી પ્રેમકાશદાસજી અને બીજા અખંડ ભગવદ્પરાયણ શ્રી જોગી સ્વામી.

મજાની વાત એ હતી કે આ મહાન સંતો ભગવાન શ્રી સ્વામિનારાયણના અનુપમ ઉપાસક હોવા છતાંય ધાર્મિક દૃષ્ટિએ એમના હૃદય ભારે ઉદાર હતા. એમનામાં કોઈ સાંપ્રદાયિક સંકુચિતતા ન હતી. જો હોત તો મને ગુરુકુલમાં પ્રવેશ જ ન મળ્યો હોત!

મારાં અંતરમાં ધાર્મિક ઉદારતાનાં બીજ આ સદ્ગુરુઓએ વાવ્યાં.

ગુરુકુલમાં મારો અભ્યાસ આગળ વધી રહ્યો હતો. ભગવાન શ્રી સ્વામિનારાયણના આદેશને અનુસરીને ગુરુદેવે આદરેલ સર્વજીવહિતાવહ સેવાકાર્યો રૂપી મહાયજ્ઞનો મહિમા સમજાઈ રહ્યો હતો. પરિણામે સમસ્ત જીવનને આ યજ્ઞ માટે સમર્પણ કરવાનો સંકલ્પ સુદૃઢ થતો જતો હતો. મેં મારો સંકલ્પ ગુરુદેવને જણાવ્યો.

સંસારીઓને ત્યાં દીકરાનો જન્મ થાય અને જે આનંદ થાય એવો જ આનંદ કોઈ સાધુ થવા આવે ત્યારે ગુરુઓને થાય, પરંતુ ગુરુદેવની વાત જુદી હતી. એમનાં અંતરમાં શિષ્યો વધારવાની કોઈ લાલસા ન હતી.

મારા સાધુ થવાના સંકલ્પને સાંભળીને તેઓએ રાજી થઈને તરત હા પાડી દીધી હોત, પણ એમણે એમ ન કર્યું. એમણે મને સાવધ કરતા કહ્યું, 'સાધુતાના માર્ગે ચાલવું કઠણ છે, આ તો આખી જીંદગીનો સવાલ છે, કોઈ નિર્ણય ઉતાવળે ન કરવો, સમજીને પગલાં ભરવાં.'

એક દિવસ ગુરુકુલમાં નિયમિત થતી સાયં પ્રાર્થનાવિધિ પૂર્ણ થઈ ચૂકી હતી. હું ગુરુદેવના આસને દર્શને ગયો હતો. રાત્રિનો સમય હતો. ગુરુદેવ એકલા હતા. હાથમાં માળા સાથે રૂમમાં ટહેલી રહ્યા હતા. મેં દંડવત્ પ્રણામ કર્યા, તેઓએ ટહેલતા ટહેલતા અચાનક મારા જમણા હાથનું કાંડુ પકડીને કહ્યું, 'મારે તને સંસ્કૃત ભણાવવું છે.'

સત્યસંકલ્પ ગુરુદેવનું આ વચન મારાં જીવનની અનોખી ઉડાન માટે રોકેટના જમ્પીંગ પેડ સમાન બન્યું. ગુરુદેવના આ વચને મને ઋષિઓએ રચેલાં શાસ્ત્રોનાં અનંત ગગનમાં વિહાર કરવાનો અવસર પૂરો પાડ્યો.

ગુરુકુલમાં આવ્યા બાદ મારાં અંતરમાં સંસ્કૃત ભાષા પ્રત્યે સહજ અનુરાગ જાગ્યો હતો, જે પૂર્વ જન્મના કોઈ સંસ્કારનો જ પ્રભાવ હતો.

આ શરીરનો જ્યાં જન્મ થયો એ ગામડાંમાં સંસ્કૃત ભણવાનું સ્વપ્ન પણ ન આવે એવી સ્થિતિ હતી.

ગામડાંના એક શિક્ષકને શ્રીમદ્ ભગવદ્ગીતા ઉપર પ્રેમ હતો. તેઓ ગીતાજીનો સ્વાધ્યાય કરતા. એમને જોઈને મને ગીતાજીનો પાઠ કરવાનું મન થયું.

ક્યાંકથી ગીતાજીનો ગુટકો શોધ્યો. એક તો નાની ઉંમર, બીજુ સંસ્કૃતનો એકડો આવડે નહિ અને ત્રીજું શ્રીમદ્ ભગવદ્ગીતા જેવો ગહન ગ્રંથ ! એટલે વાંચવા તો બેઠો પણ આપણરામને ગુજરાતી ભાષાંતરમાં પણ કાંઇ ગતાગમ પડે નહીં ! તો સંસ્કૃતમાં તો પડે જ કેમ !

સારી વાત એ હતી કે આજે જેવી વીડિયો ગેમની પ્રતિષ્ઠા છે, એવી જ પ્રતિષ્ઠા એ સમયે સારા વાંચનની હતી.

મારા હાથમાં ગીતાજીનો ગુટકો જોઈને લોકોને અહોભાવ જાગતો અને મારા વખાણ કરતા. આવી મફતમાં મળતી કેડિટના કેફમાં ને કેફમાં ગીતાજીનો પાઠ કરવાની કસરત ચાલતી રહેતી !

જાણે-અજાણે ગીતાજીના ઉપદેશબીજો અંતરમાં ગયાં; સમય આવ્યે પાંગર્યા અને પાંગર્યા પછીનો આનંદ શબ્દોથી વર્ણવી શકાય એમ નથી. સંસ્કૃત ભાષા સાથે મારું આ પ્રથમ સગપણ હતું !

ગુરુકુલમાં આવ્યા પછી સંસ્કૃત ભાષા પ્રત્યે અનીર્વચનીય પ્રેમ જાગૃત થયો. નાની ઉંમરે જ સંસ્કૃત ભાષામાં પ્રવચનો કરવા લાગ્યો.

સાધુ થયા પછી ગુરુદેવ સ્વયં અમને સંતોને રઘુવંશ વગેરે પંચકાવ્યો તેમજ તર્કસંગ્રહ વગેરેનો અભ્યાસ કરાવતા.

સંસ્કૃત ભાષાના ઉચ્ચ અભ્યાસ માટે મારે કાશીએ જવાનું થશે એવી કલ્પના જ ન હતી, પરંતુ પરિસ્થિતિઓ એવી સર્જાણી કે મારે કાશીએ જવું જ પડે.

ગુરુદેવનો સંકલ્પ જ મારા માટે આગળને આગળ માર્ગ કરી રહ્યો હતો.

વારાણસીમાં વિદ્યાભ્યાસના દિવસો મારાં જીવનના

શ્રેષ્ઠ દિવસો હતા. સદ્‌ગુરુની કૃપા ફળતી રહી, અનેક સુવર્ણચંદ્રકો સાથે કાશીનો વિદ્યાભ્યાસ આગળ વધતો રહ્યો. વારાણસીના શ્રેષ્ઠ વિદ્વાનોના આશીર્વાદ મળતા રહ્યા. ભગવાન શ્રી કાશીવિશ્વનાથ અને ભગવતી ભાગીરથીની ગોદમાં યૌવન પાંગરતું રહ્યું.

ધર્મની અંધારી અને ઉજળી બાજુઓનો પરિચય થતો રહ્યો, જે જીવનની દિશાને નિર્ધારીત કરવામાં ભારે ઉપયોગી સિદ્ધ થયો.

સંસ્કૃત અભ્યાસ

વારાણસીના સંસ્કૃત વિશ્વવિદ્યાલયમાં મારો અભ્યાસ ચાલુ હતો. વિશેષમાં સાંજના સમયે બિરલા પાઠશાળાના પ્રધાનાચાર્યજી શ્રીરામાનુજ ઓઝા પાસે હું શાંકર વેદાન્તનો અભ્યાસ કરવા જતો.

રામાનુજ ઓઝા પ્રકાંડ પંડિત હતા. ગંગાજળ સિવાય બીજું પાણી પીતા નહોતા. બિરલાજી એમને બહુ માનતા. હું એમની પાઠશાળાનો વિદ્યાર્થી ન હોવા છતાં મને અત્યંત પ્રેમથી ભણાવતા. મારે ક્યારેક મોડું થાય તો આતુરતાથી રાહ જોતા.

એક દિવસ મેં ગુરુજીને પ્રશ્ન કર્યો, "ગુરુજી ! વેદાંત વગેરે દર્શનશાસ્ત્રની અનેક શાખાઓ છે. બધી જ શાખાઓ પોતાના સિદ્ધાંતોને સત્ય સિદ્ધ કરવા માટે શાસ્ત્રાર્થ કરે છે. પૂર્વપક્ષ-ઉત્તરપક્ષ, પ્રશ્ન-ઉત્તર, પ્રતિપ્રશ્ન ચાલ્યા જ કરે છે. આનો અર્થ એ થયો કે હજુ સત્યનો નિર્ણય થયો નથી. આપ વર્ષોથી વેદાન્ત ભણાવો છો. મને એ સમજાવો કે સત્ય શું છે ?"

ગુરુજીએ જે જવાબ આપ્યો તે ભારે અદ્‌ભૂત હતો ! એમણે કહ્યું, "માધવપ્રિયદાસ ! યે સારે શાસ્ત્રાર્થ બુદ્ધિકા વ્યાયામ હૈ. શક્તિ એવં સમય હૈ તો વ્યાયામ કરતે રહો, બાકી ગાયત્રી જૈસે મન્ત્ર કા જપ કરો, યહી સત્ય હૈ."

પંડિત શ્રીરામાનુજ ઓઝાની આ વાત મારા માટે મન્ત્ર સમાન સાબિત થઈ. આ વાત રૂપી ચાવીએ મારાં મનનાં અનેક તાળાં ઉઘાડી નાંખ્યાં.

આ વાતે અંતરમાં રહેલા ધાર્મિક આગ્રહો-દૂરાગ્રહો અને પૂર્વગ્રહોને દૂર કરવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો. આ વાતથી વિવિધ પંથો પ્રત્યેના રાગ-દ્વેષ દૂર થયા.

'एकं सत् विप्राः बहुधा वदन्ति ।' સત્ય એક છે, દર્શન અનેક છે. ઋષિઓનો આ ઉપદેશ જીવનનું સૂત્ર બન્યું.

વારાણસીમાં અભ્યાસ ચાલતો હતો, ત્યારે જ જીવનનો એક નિર્ણય લીધો હતો કે સંસ્થાના વહીવટી ક્ષેત્રની આગેવાની લેવી નહીં. આધ્યાત્મિક ક્ષેત્રે જેટલી સેવા થાય એટલી કરવી.

માર્મિક ટકોર

અભ્યાસ પછી ગુરુદેવની આજ્ઞાથી હું કથા કરવાની સેવામાં જોડાયો. વ્યાસપીઠ મારું કાર્યક્ષેત્ર બન્યું. શ્રીમદ્‌ ભાગવત-સત્સંગિજીવન જેવા ગ્રંથોની કથાઓ કરવાનું શરૂ કર્યું, પણ વ્યાસપીઠ ફાવી નહીં, કારણ કંઈક જૂદુ જ હતું.

વ્યાસપીઠેથી કલાકો સુધી વ્યાખ્યાન કરવાનું થાય, પણ અંતરમાં ઊઠતા વિચારો અને મુખેથી વહેતી વાણી વચ્ચે રહેલો જબરો વિરોધાભાસ હૃદયમાં ભારે વેદના ઊભી કરે !

એક દિવસ હું ગુરુદેવ પાસે ખૂબ રડ્યો અને મારી મૂંઝવણ ઠાલવી વિનંતી કરી કે, 'મને બીજી સેવા સોંપો.'

ગુરુદેવે કહ્યું, "વ્યાસપીઠ છોડી દેવાથી તારા પ્રશ્નનું સમાધાન નહીં થાય ! મારી તને ભલામણ છે, તું બીજાને સંભળાવવા કરતા તારી જાતને સંભળાવતો જા અને કથા કરતો જા."

ગુરુદેવ ઘણીવાર માર્મિક ટકોર કરતા કે, "વક્તાઓએ ક્યારેય એવું નહીં માનવાનું કે સાંભળનારા શ્રોતાઓ અજ્ઞાની છે અને આપણે મોટા જ્ઞાની થઈ ગયા છીએ."

ગુરુદેવે આપેલો આ ઉપદેશ જીવનનો ઉત્કર્ષ સાધવામાં અને ભીતરથી જાગતા રહેવામાં મહત્ત્વપૂર્ણ રહ્યો. ગુરુદેવે આપેલો વ્યાસપીઠનો વારસો મારા માટે વરદાન સાબિત થયો.

ગુરુદેવના અંતરમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રત્યે પ્રેમ અને શ્રદ્ધા ભરપૂર હતા, છતાં એમનું મન અન્ય સંપ્રદાયો પ્રત્યે ભારે ઉદાર હતું. તેઓશ્રી સમસ્ત વિશ્વને એક જ પરમાત્માનું સંતાન માનતા અને એ સંતાનોની સેવા એ જ ઈષ્ટદેવની સેવા માનતા.

ક્યારેક કુદરતી આપત્તિના પ્રસંગો આવતા, ત્યારે એમનું દિલ દ્રવી ઊઠતું. તાત્કાલિક સહાયતાઓનો ધોધ વહેતો થતો. અમે જ્યારે રાહતકાર્ય માટે જતા ત્યારે કહેતા, "ચાંદલાવાળાને જોઈને પક્ષપાત ના કરશો, બધાને એક જ પરમાત્માના સંતાનો માનશો તો જ ભગવાન શ્રી સ્વામિનારાયણ રાજી થશે."

બીજી વાત તેઓ ભારપૂર્વક કહેતા કે, "આપણે કોઈ ઉપર ઉપકાર કરવા નથી જતા, સંકટગ્રસ્તોની પૂજા કરવા જઈએ છીએ. સહાય કરવા નથી જતા, સેવા કરવા જઈએ

છીએ.''

ગુરુદેવના એક એક વચનો જીવન ઘડતરમાં મંત્ર સમાન બની રહેતા.

સમાજના શિક્ષણ, આરોગ્ય વગેરે વિવિધ ક્ષેત્રોમાં અનેકવિધ સેવાઓ કરવા છતાં એમની નિર્લેપતા અને નિઃસ્પૃહીતા અજોડ હતી. તેઓ ગીતાજીના અનાસક્તિયોગનું મૂર્ત રૂપ હતા. તેઓ અવારનવાર કહેતા, 'આ ગુરુકુલો રૂપી ઘંટ ગળે બાંધ્યો નથી. જ્યારે શ્રીહરિનો હુકમ થશે ત્યારે આ બધુ ચાદરની જેમ છોડીને ચાલ્યા જઈશું.' અને ખરેખર એમણે એ જ નિર્લેપ ભાવે શરીર છોડી દીધું હતું.

કોઈ ડાહ્યા માણસે ગુરુકુલના ભવિષ્ય માટે વીલ કરવાનું કહ્યું, તો ગુરુદેવ બોલ્યા, 'મારી કોઈ ગાદી નથી, મારો કોઈ વારસો નથી, તો વીલ શેનું કરવાનું હોય! અમે તો ભગવાનને જ ભરોંસે જીવનારા. જો હું ભવિષ્યની ચિંતા કરું તો મારો ભરોંસો ખોટો ઠરે!'

આ જ વાતને સુદૃઢ કરતા હોય એમ પૂજ્ય જોગી સ્વામીએ મને એકવાર કહ્યું, ''એલા શાસ્ત્રી! તારી ખીલી ક્યાંય ખોડતો નહીં!'' કાશીએ ભણ્યો હોવાથી જોગી સ્વામી મને કાયમ 'શાસ્ત્રી' કહીને સંબોધતા.

આ મહાન સદ્‌ગુરુઓના વચને હૃદયમાં દૃઢ નિશ્ચય કર્યો કે, 'સંસારીઓએ જેમ ગૃહાસક્તિ ન રખાય એ જ રીતે અમારે સાધુઓએ આશ્રમ, મઠ કે મંદિરોની આસક્તિથી મુક્ત રહેવું જોઈએ. સેવાઓ અવશ્ય કરવી, પરંતુ શ્રીહરિને રાજી કરવા કરવી.'

ગુરુદેવના જીવનમાંથી અધ્યાત્મનું ભાથું તો ભરાયું જ, સાથે સાથે ધર્મવિવેક અને વ્યવહાર વિવેક પણ એટલા જ શીખવા મળ્યા.

શિષ્યોનું ઘડતર

એકવાર એમણે સ્વધામગમન પહેલા અમને સર્વ સંતોને એક સંકલ્પ જણાવ્યો, ''તમે બધા ઘરબાર છોડીને આત્મકલ્યાણ માટે સાધુ થયા છો. તમારાં જીવનના હેતુને સિદ્ધ કરવા માટે અમને ઋષિકેશમાં સાધનાશિબિર કરવાનો સંકલ્પ છે.''

ગુરુદેવના સંકલ્પને સાંભળીને સર્વના અંતરમાં અત્યંત આનંદ થયો અને ખરેખર ગુરુદેવે શરીર છોડતા પહેલા ઋષિકેશમાં ગંગાજીના કિનારે યોજેલી એ સાધનાશિબિર આધ્યાત્મિક ઉત્કર્ષ માટે મહત્ત્વપૂર્ણ સાબિત થઈ.

કુશળ શિલ્પી પથ્થરમાંથી શ્રેષ્ઠ મૂર્તિ કંડારે છે.

કુશળ સુવર્ણકાર સુવર્ણને શુદ્ધ કરી સુંદર અલંકારો સર્જે છે.

કુશળ કારીગર કાષ્ઠને કોતરી ઉત્તમ કલાકૃતિનું નિર્માણ કરે છે.

એ જ રીતે મનુષ્ય જીવનનાં ઘડતર માટે કોઈને કોઈ મહાપુરુષની અવશ્ય જરૂર પડે છે.

પથ્થર, સોનું કે કાષ્ઠમાંથી સર્જન કરવું સરળ છે, પરંતુ માનવનું ઘડતર એટલું સરળ નથી. પથ્થર ઘડાય છે ત્યારે કોઈપણ પ્રતિભાવ વગર ઘડનારની ઇચ્છાને

પૂર્ણપણે અનુસરે છે, જ્યારે મનુષ્ય સચેતન હોવાથી આઘાત-પ્રત્યાઘાતથી ભરપૂર છે, એને પથ્થરની જેમ ઘડી શકાતો નથી.

ગુરુદેવ સ્વભાવે તેજસ્વી અને આકરા હતા. શિષ્યોની શિથિલતા, ગાફલાઈ કે ધર્મલોપ ચલાવી ન લેતા.

શિલ્પી ટાંકણા મારી પથ્થર ઘડે એમ એમના ટાંકણા ચાલુ રહેતા. અમારી યુવાન અવસ્થામાં ઘણીવાર એમના ટાંકણા આકરા પડતા, પણ સદ્‌ગુરુ પ્રત્યેનો અપાર સ્નેહ અને આત્મબુદ્ધિ - ધૈર્ય અને સહનશીલતા ખૂટવા દેતા ન હતા અને આત્મીયતાનો નાતો તૂટવા દેતા ન હતા.

અમારાં અંતરમાં પૂર્ણ સમજણ હતી કે 'આ ઉપદેશરૂપી કડવી દવા જ અમારાં જીવનનું ઔષધ છે. અમારા સદ્‌ભાગ્ય હતા કે અમને દુઃખ લગાડીને પણ સાચું કહેનારા સદ્‌ગુરુ મળ્યા હતા!'

મનુષ્ય જીવનને શ્રેષ્ઠત્તમ શિખર પર લઈ જવા માટે કોઈને કોઈ એક મહાપુરુષ સાથે શ્રદ્ધા અને પ્રેમથી જોડાણ જરૂરી છે, સાથોસાથ પોઝિટીવ દૃષ્ટિકોણથી જડચેતન વિશ્વમાંથી સદ્‌ગુણોનો સંચય કરવો પણ આવશ્યક છે.

ગુરુદેવ વારંવાર ગુણગ્રાહકતા ઉપર ભાર મૂકતા. ભગવાન શ્રી સ્વામિનારાયણે પણ પોતાનાં વચનામૃતોમાં આ વિષય ઉપર ખૂબ ભાર મૂક્યો છે.

ઋગ્વેદમાં કહ્યું છે કે, 'आ नो भद्राः क्रतवो यन्तु विश्वतः ।' અમને ચારે બાજુથી કલ્યાણકારક કર્મ કરવાની દૃષ્ટિ પ્રાપ્ત થાય. 'तन्मे मनः शिवसंकल्पमस्तु ।' અમારું મન શુભ વિચારોથી ભરપૂર રહે.

મન શુભ વિચારોથી ભરપૂર રહે એ જ પોઝિટીવ વિચારધારા છે.

ભગવાન શ્રી દત્તાત્રેય પોઝિટીવ વિચારધારાના શ્રેષ્ઠ ઉદાહરણ છે.

શાસ્ત્રોમાં ભગવાન દત્તાત્રેયના ચોવીસ ગુરુઓની કથા પ્રસિદ્ધ છે. એમણે નકામા, નકારા તિરસ્કૃત પદાર્થોમાંથી પણ ગુણ ગ્રહણ કરીને જીવનને શ્રેષ્ઠ બનાવ્યું હતું.

ગુરુઓનું જીવન જ શ્રેષ્ઠ ઉપદેશ છે. ગુરુ પ્રત્યેની શ્રદ્ધા અને પ્રેમ શિષ્યની પ્રગતિનું પેટ્રોલ છે.

તૈત્તરીય ઉપનિષદ્‌માં કહે છે,

'आचार्यः पूर्वरुपम् । अन्तेवास्युत्तररुपम् ।
विद्या सन्धिः । प्रवचनं सन्धानम् ।'

(शिक्षावल्ली-३-३)

શ્રીમદ્ ભાગવતના એકાદશ સ્કન્ધમાં ભગવાન શ્રીકૃષ્ણ આ જ વાતને સમજાવતા ઉદ્ધવજીને કહે છે,

आचार्योऽरणिराद्यः स्यादन्तेवास्युत्तरारणिः ।
तत्सन्धानं प्रवचनं विद्यासन्धिः सुखावहः ॥

(श्रीमद्भागवत-११-१०-१२)

અરણીના બે કાષ્ઠના ઘર્ષણમાંથી અગ્નિ પ્રગટે છે. ગુરુ અરણીનું એક કાષ્ઠ છે, શિષ્ય અરણીનું બીજું કાષ્ઠ છે. તપથી પવિત્ર અંતઃકરણ અને આચારથી પવિત્ર જીવન વાળા સદ્‌ગુરુનું પ્રવચન બન્ને કાષ્ઠને જોડનાર ત્રીજુ અરણીકાષ્ઠ છે. આ મંથનમાંથી સર્વ સુખનું મૂળ એવી બ્રહ્મવિદ્યા પ્રગટે છે.

સદ્‌ગુરુ અદ્‌ભૂત દર્પણ છે.

સામાન્ય દર્પણ ચહેરો દર્શાવે છે. સફળતાને વરેલ આદર્શ વ્યક્તિત્વ ચહેરો નિખારે છે, જ્યારે સદ્‌ગુરુરૂપી આદર્શ આપણા મૂળ ચહેરાને પ્રગટાવે છે.

મૂળ ચહેરાનો અર્થ છે, આપણા ચેતનનું મૂળ સ્વરૂપ. આપણું આ સ્વરૂપ રૂપ-કુરૂપથી પર છે. ભય-શોક, વિષાદથી મુક્ત છે. સહજ સુંદર અને આનંદથી ભરપૂર છે.

આ અનાદિ મૂળ સ્વરૂપ પ્રગટે એ જ મનુષ્ય જીવનનો સાચો વિકાસ છે.

મારા જીવનના ઘડનારા સર્વ પરિબળોને વંદન કરી વિરમુ છું.

જેનો મા'યલો જાગે છે એની સાથે જડચેતન વિશ્વ સંવાદ રચે છે. હિતોપદેશ અને પંચતંત્રની કથાઓ દ્વારા આ વાત સારી રીતે પ્રસિદ્ધ છે.

જે અંદરથી જાગે છે એને માટે જડચેતન વિશ્વ ગુરુતુલ્ય હોય છે અને આખરે આવો જાગતો જોગી સ્વયં વિશ્વગુરુ બની જાય છે.

અપાલા અને ઋષિ કૃશાશ્વ

- સાધુ વજ્રવલ્લભદાસ

આ કથા ખૂબ જૂની છે, પરંતુ મહત્વની છે. વિષયના વેગ માણસને કેટલો સ્વાર્થીલો અને દેહલક્ષી બનાવે છે એનું આ ઉદાહરણ છે. જે તે સમયે ઘટેલી આ ઘટનાના પડઘા આજે પણ ઘરેઘરે-ગામોગામ પડે છે.

વાત તો મહર્ષિ અત્રિના આશ્રમની છે. મધ્ય જંગલમાં રહેલો આશ્રમ સુંદર હતો.

આશ્રમનું વાતાવરણ શાંત અને નિર્મળ હતું. દૂર દૂરથી પશુ-પક્ષીના બોલવાના અવાજ, વૃક્ષોનાં પર્ણોનો અવાજ, વૃક્ષ ઉપરથી કોઈ ફળને પડવાનો અવાજ આશ્રમના આંગણા સુધી પહોંચતો હતો.

એક દિવસની વાત છે. મહર્ષિ અત્રિ કમંડળ અને વલ્કલ લઈને સ્નાન-સંધ્યા કરવા નદી તરફ જઈ રહ્યા હતા. રસ્તામાં એમના કર્ણોને વેદમંત્રનો ઘોષ સંભળાયો. ઘોષ એટલો મધુર અને કર્ણપ્રિય હતો કે કોયલટહુકો પણ ફિક્કો પડે!

મહર્ષિ અત્રિનાં ચરણો વેદમંત્રોના ઘોષ તરફ વળ્યા. થોડું ચાલ્યા ત્યાં તેમની નજરમાં એક અદ્‌ભૂત દૃશ્ય પડ્યું. એક તરુણી વૃક્ષ નીચે બેસી વેદમંત્રોનું ગાન કરી રહી હતી. એ તરુણી જાણે સાક્ષાત વેદ જ વાણી સ્વરૂપે પધાર્યા હોય તેટલી સુંદર રીતે મંત્રોચ્ચાર કરી રહી હતી. એ બીજું કોઈ નહીં, સ્વયં મહર્ષિ અત્રિની પુત્રી અપાલા હતી.

મહર્ષિનાં હૃદયમાં ખૂબ આનંદ થયો. એમણે માથે હાથ મૂકી પૂછ્યું, "અપાલા! પુત્રી! તું એકલી અહીં શું કરી રહી છે?"

અપાલા વેદગાયનમાં મગ્ન હતી. તેણે આંખો ખોલી. તેણે પિતાજીને જોયા એટલે તુરંત ઊભી થઈ અને બોલી, "હે "પિતાજી! સવારે તમે જે મંત્રો મને શીખવ્યા હતા, એનું જ હું પઠન કરી રહી છું."

મહર્ષિ પ્રસન્ન ચિત્તે બોલ્યા, "હે પુત્રી! તને સવારે શિખવાડેલા મંત્રો આટલા જલદી યાદ રહી ગયા?"

અપાલા કહે, "હા, પિતાજી! મને બધા જ મંત્રો યાદ રહી ગયા છે. હું તમને સંભળાવું?"

મંદ મંદ હાસ્ય સાથે મહર્ષિ બોલ્યા, "હું તારા મુખે બોલાયેલા મંત્રો સાંભળીને જ આ તરફ આવ્યો છું."

મહર્ષિ તેની પુત્રીની પ્રતિભા જોઈને ખૂબ જ પ્રસન્ન થઈ ગયા હતા. તેણે આશ્રમવાસીઓ પાસેથી અપાલાના વખાણ સાંભળ્યા હતા, આજે પ્રત્યક્ષ અપાલાને મંત્રોનું ગાયન કરતા જોઈને મહર્ષિ ગર્વ અનુભવવા લાગ્યા. તે બોલ્યા "બેટા! સાંજનો સમય થઈ ગયો છે. હવે તું આશ્રમમાં જા. હું સ્નાન કરીને આવું છું."

મહર્ષિ અત્રિના હૃદયમાં પુત્રીની પ્રતિભાને લીધે ખૂબ આનંદ હતો. સાથે સાથે અપાલા માટે એક ચિંતા પણ હતી. અપાલાને કોઢનો રોગ હતો. મહર્ષિએ આ રોગને મટાળવા અનેક ઔષધો કરી પ્રયત્નો કર્યા હતા, પરંતુ અપાલાનો રોગ મટતો નહોતો. ચિંતાની વાત તો એ હતી કે, કોઢ ઘટવાને બદલે વધતો જતો હતો. બીજું, ચિંતાનું કારણ એ પણ હતું કે, ભલે અપાલા ગમે તેટલી હોશિયાર હોય, પરંતુ કોઢના કારણે કોઈ પુરુષ તેની સાથે લગ્ન નહીં કરે. અપાલાના શરીરના અમુક ભાગ પર સફેદ ડાઘ સ્પષ્ટ દેખાતા હતા.

જેવી ભગવાનની મરજી. એવું જાણી મહર્ષિએ તેની પુત્રીને દરેક વિદ્યાનું જ્ઞાન આપ્યું.

વિદ્યાભ્યાસ કરતાં કરતાં અપાલાનું અંતરજ્ઞાન વધતું હતું, તેની સાથોસાથ તેનાં શરીરનો પણ વિકાસ થઈ રહ્યો હતો. યૌવન સુરૂપ-કુરૂપને જોતું નથી, શરીરને જુએ છે. અપાલાની યુવાની ફૂટી નીકળી.

એક દિવસની વાત છે. મહર્ષિ અત્રિને મળવા માટે ઋષિ કૃશાશ્વ આવ્યા. મહર્ષિ અત્રિ આશ્રમના કામમાં વ્યસ્ત હતા. એ દરમિયાન અપાલાએ ઋષિ કૃશાશ્વનું સ્વાગત કર્યું. આસન આપી બેસાર્યા. જંગલનાં વૃક્ષોમાંથી તાજાં ફળો ચૂંટીને લાવી ઋષિને આપ્યા અને મધુર વાર્તાલાપ કર્યો.

ઋષિ કૃશાશ્વ અપાલાની સેવા-સુશ્રુસા અને મધુર વાણીથી પ્રસન્ન થઈ ગયા. તે અપાલાની યુવાની અને સૌંદર્ય પર મોહી પડ્યા.

એવામાં મહર્ષિ અત્રિ આવ્યા. કૃશાશ્વએ અત્રિ ઋષિને પ્રમાણ કર્યા. અત્રિ ઋષિએ આશીર્વાદ આપ્યા. પછી સ્વાગત કરતા પૂછ્યું, "ઋષિ કૃશાશ્વ! તમારે મારી બહુ જ

રાહ જોવી પડી?''

કૃશાશ્વ કહે, ''ના, હું હમણાં જ આવ્યો.''

''લાંબો પ્રવાસ કરવાથી તમે થાકી ગયા હશો. હું તમારા માટે મધુપાક મંગાવી આપું?''

''ના, મને તમારી પુત્રી અપાલાએ મધુપાક આપ્યો છે.'' આમ વાતો ચાલે છે. વાતો કરતાં કરતાં કૃશાશ્વ ઊંડા વિચારમાં ઊતરી ગયા. એમનું મન અપાલામાં લાગી ગયું છે એ વાત અત્રિ ઋષિને કેમ કરવી, તેનું મનોમન્થન ચાલતું હતું.

કૃશાશ્વ તપસ્વી ઋષિ હતા. તપનાં કારણે તેનું શરીર નિર્બળ અને કૃશ થઈ ગયું હતું. તેના આશ્રમમાં સેવા કરનારું પણ કોઈ નહોતું, તેથી જે અપાલા પોતાની સાથે લગ્ન કરે તો ઘણાં કાર્યો સિદ્ધ થાય એમ હતા.

થોડા મનોમંથન પછી સંકોચાતા અવાજે કૃશાશ્વ બોલ્યા, ''મહર્ષિ ! હું તમારી પુત્રી અપાલા સાથે વિવાહ કરવા માંગુ છું.''

મહર્ષિ અત્રિ તેની વાત સાંભળી આશ્ચર્યચકિત થઈ ગયા. તે બોલ્યા, ''શું તમે અપાલાને સરખી રીતે જોઈ લીધી છે?'' મહર્ષિને અપાલાના કોઢ રોગની ચિંતા હતી.

''હા મહર્ષિ ! મને તમારી પુત્રી ગમે છે. મારે તેની સાથે લગ્ન કરવા છે.''

મહર્ષિ અત્રિએ વિચાર્યું, ''ઋષિ કૃશાશ્વ વેદવિજ્ઞ છે. તપસ્વી છે. અલ્પભાષી છે. તેનાથી ઉત્તમ વર મને અપાલા માટે નહીં મળે.'' પછી તે બોલ્યા, ''ઋષિ કૃશાશ્વ ! હું તમને જમાઈ તરીકે સ્વીકારવા તૈયાર છું.''

ત્યારબાદ બધા આશ્રમવાસીઓ ભેગા મળીને અપાલા અને ઋષિ કૃશાશ્વના લગ્ન કર્યાં. અપાલા પતિ સાથે એમનાં ઘરે ગઈ. એક પતિવ્રતા સ્ત્રીની જેમ અપાલાએ તેના પતિની ખૂબ જ સેવા કરવા લાગી.

તે નિત્ય પૌષ્ટિક ભોજન બનાવી પતિને જમાડતી, પતિનાં નિર્બળ શરીર ઉપર દરરોજ ઔષધિઓનું માલિશ કરી આપતી. મધુર વાણી અને પ્રેમભર્યા હાવભાવથી અપાલા હંમેશા ઋષિ કૃશાશ્વને ખુશ રાખતી.

અપાલા જેવી પત્ની મેળવી ઋષિ કૃશાશ્વ ખૂબ જ પ્રસન્ન રહેવા લાગ્યા. એમના માટે તો જાણે ધરતી ઉપર સ્વર્ગ ઊતરી આવ્યું.

કૃશાશ્વ અને અપાલાનો ગૃહસ્થાશ્રમ સુખરૂપ ચાલે છે. સમય પસાર થતો જાય છે. વર્ષો વીતી ગયાં.

બધી મર્યાદાઓની જેમ ભોગની પણ એક સીમા હોય છે. જે નથી ભોગવાયું તેના પ્રત્યે સહેજે જ આકર્ષણ રહે છે અને જે ભોગવાઈ જાય છે એના ઉપરથી આસક્તિ ટળી જાય છે. આ પ્રકૃતિનો નિયમ છે.

અપાલાની સેવા-સુશ્રુસા અને ભોગથી ઋષિ કૃશાશ્વ સંતુષ્ટ થઈ ગયા. ધીમે ધીમે ઋષિ કૃશાશ્વનો અપાલા ઉપરનો મોહ ઓછો થતો ગયો. અપાલાના ગુણ ઢંકાઈ ગયા અને દોષ દેખાવા લાગ્યા.

અચાનક જ કૃશાશ્વનું ધ્યાન અપાલાના શરીર ઉપર પડ્યું. કૃશાશ્વને અપાલાનાં શરીર પર સફેદ ડાઘ છે, એ ડાઘ જોઈ ઋષિ કૃશાશ્વની પ્રેમભરલી આંખોમાં નફરતે સ્થાન લઈ લીધું. હવે તેને અપાલાની સામે જોવું પણ નથી ગમતું.

અપાલા ઋષિ કૃશાશ્વનો ઘૃણાભાવ ન સહન કરી શકી. એક દિવસ તેણે પૂછ્યું, ''હે પ્રિયતમ ! મારાથી કોઈ અપરાધ થયો છે? તમે શા માટે મારી સાથે આવો વ્યવહાર કરો છો?''

ઋષિ તોછડાઈથી બોલ્યા, ''તારું શરીર કલંકિત છે. તારું શરીર રોગી છે.''

આ શબ્દો સાંભળી અપાલાને ઝટકો લાગ્યો. તે થરથરી ઊઠી અને બોલી, ''પતિદેવ ! એ મારો અપરાધ નથી. દેહ તો પ્રકૃતિએ આપેલ દેણ છે. શરીરની રચના તો ભગવાને કરી છે, તો અપરાધ તો રચયિતાનો કહેવાય ને?''

''મને તો તારા દેહથી જ વાંધો છે.''

''હે સ્વામી ! તમે તો જ્ઞાની છો. આત્મજ્ઞ છો. શરીર તો પરિવર્તનશીલ છે. મારા આવ્યા પહેલા તમારું શરીર નિર્બળ હતું. હવે તમારું શરીર સુદ્રઢ થઈ ગયું છે.''

''તારું શરીર પહેલા સુંદર હતું, હવે તે સુંદર નથી રહ્યું.''

''શરીર તો તે જ છે, તમારું મન મારાથી ભરાઈ ગયું છે. આપણે તો શરીર અને મનની પાર જવાનું હોય છે.'' અપાલા બોલી.

''મેં તો શરીર સાથે લગ્ન કર્યા છે, આત્મા સાથે નહીં. મને સુંદર શરીરની જરૂર છે, આત્માની નહીં. તેમાં પણ મારે કલંકિત શરીર તો નથી જ જોઈતું.''

અપાલા આવી કઠોર વાત

સાંભળીને કરુણ આક્રંદ કરવા લાગી. તે રડતા રડતા તેના પિતા પાસે ગઈ. મહર્ષિ અત્રિને આ જ વાતનો ડર હતો. તેણે તેની પુત્રીને સાંત્વના આપી અને તપ કરવાની સલાહ આપી.

અપાલા બધું જ ભૂલીને તપ કરવા લાગી. તેણે ભોજનનો પણ ત્યાગ કરી દીધો. પાણીનો પણ ત્યાગ કર્યો. તે માત્ર વાયુપાન કરીને તપ કરવા લાગી. અપાલાનો દેહ દુર્બળ બનવા લાગ્યો, પરંતુ તેનો આત્મા વધુ મહાન બનવા લાગ્યો.

અપાલાની તપસ્યાથી દેવરાજ ઈન્દ્ર પ્રસન્ન થયા. અપાલાએ દેવરાજ ઈન્દ્રને સોમરસ અર્પણ કર્યો. દેવરાજ ઈન્દ્રે પ્રસન્ન થઈને કહ્યું, "હે અપાલા ! હું તને વરદાન આપવા ઈચ્છું છું, તેથી વરદાન માંગ."

અપાલા બોલી, "હે ઈન્દ્ર ! મને સંપન્ન બનાવો. મારું શરીર સુંદર બનાવી દો. મારી વાણી વધુ મધુર બનાવી દો. મારા પતિએ મારો ત્યાગ કર્યો છે, તેથી મારી ત્વચામાંથી કોઢ રોગ દૂર કરો. મને અતિ સુંદર બનાવી દો."

દેવરાજ ઈન્દ્રે અપાલાને તેના રથ નીચેથી ત્રણ વાર પસાર થવાનું કહ્યું. તેનાથી અપાલાની ચામડીના ત્રણ આવરણ ઉખડી ગયા, તેમજ અપાલાનો કોઢ દૂર થયો.

તે સૂર્યનાં કિરણોની જેમ ચમકવા લાગી. અપાલાએ દેવરાજ ઈન્દ્રને પ્રણામ કર્યા. ઋષિ કૃશાશ્વને અપાલાનાં વરદાનની જાણ થતા તે અપાલાને પોતાની સાથે લઈ જવા આશ્રમે આવ્યા.

અપાલાએ ગુસ્સામાં કહ્યું, "હે દેહના પૂજારી ! હવે આ દેહ તમારો નથી. આ દેહ દેવરાજ ઈન્દ્રનો છે. તેની પૂજાને કારણે જ હું સુંદર બની છું. તમારે તો કોઈપણ દેહ ચાલશે. તમે મને પ્રેમ જ નહોતો કર્યો. દેહ તો દિવ્ય આત્માનું મંદિર છે. તમને દેહ જ જોઈએ છે, તો બીજે શોધો, અહીં નહીં."

અપાલાની દૃઢવાણી સાંભળીને નિરાશ વદને ઋષિ કૃશાશ્વ પરત ફર્યા.

ચંદ્રાવળા

- ત્રિભુવનભાઈ વ્યાસ

સિંહને ચામડે ભૂપ થઈ બેઠો -
પ્રજાપતિનો ઘોડો,
પણ ભૂંક્યો ત્યાં સૌએ મળીને
કાઢ્યો બરાબર ખોડો !
કાઢ્યો બરાબર ખોડો નવાજી -
કાન ભૂંસી પછી નાઠા ગદ્ધાજી !
કહે કોવિદરામ એનો શો નેઠો ?
સિંહને ચામડે ભૂપ થઈ બેઠો ?
પ્રજાપતિનો ઘોડો.

ગધેડો સિંહનું મહોરું અને સિંહની ખાલ પહેરી લે એટલાથી સાવજ બની જતો નથી. સિંહ હોવાનો અભિનય કરતો ગધેડો જ્યારે બોલશે ત્યારે પોતે જ પોતાની પોલ ખોલશે.

અત્યારે દરેક ક્ષેત્રમાં સિંહનું મહોરું પહેરેલા ગર્દભ જોવા મળે છે; એ ભૂંકી શકે, પરંતુ ડણકી ન શકે. સિંહનો અવાજ, સિંહની શક્તિ અને સિંહનું શૌર્ય પામવા માટે તો સિંહણની કુખેથી અવતરવું ફરજિયાત હોય છે.

જગતને જ્યારે જાણ થાય કે આ સિંહ નથી પરંતુ ગધેડો છે, ત્યારે જગત એની એવી વલે કરે છે કે ગધેડાને કાન ભૂંસીને ઊભી પૂંછડીએ ભાગી જવું પડે છે.

આ પ્રકારના મહોરાબાજ માણસનો સમાજ ક્યારેય ભરોસો કરતો નથી.

આમ 'સિંહના ચામડે ભૂપ થઈ બેસવું' કે 'સૂંઠના ગાંગડે ગાંધી થઈ જવું' અંતે તો નામોશી જ આપશે.

આલે વખાણ્યો માલાભાઈને -
ને માલે આલાનું દાટ્યું,
કોણ ચડે એમાં શિયાળનું મોં -
શ્વાને મળીને ચાટ્યું !
શ્વાને મળીને ચાટ્યું મજાથી -
સરખા મળિયા બેઉ સંગાથી !
કહે કોવિદરામ ગાણાં ગાઈને
આલે વખાણ્યો માલા ભાઈને
ને માલે આલાનું દાટ્યું ?

અત્યારે સમાજમાં એક સુત્ર ખૂબ ચરિતાર્થ થાય છે : 'આવ ભાઈ હરખા, આપણ બેઉ સરખા.'

કોઈ પણ ક્ષેત્રમાં બે દુર્જન એકઠા થઈને એકબીજાની પ્રશંસા કરીને પોતાનો સ્વાર્થ સાધતા હોય છે. આલાભાઈ મલાભાઈના વખાણ કરે અને માલાભાઈ આલાભાઈના અવગુણ ઉપર પછેડી ઢાંકી આપે છે.

જે રીતે શિયાળ અને શ્વાન મળીને એકબીજાનું મોઢું ચાટે એવો આ ઘાટ છે.

દુર્જનો આ રીતે પરસ્પર વખાણ કરી સજ્જનોને અન્યાય પણ કરી-કરાવી શકે છે. પરંતુ ઈશ્વરમાં શ્રદ્ધા રાખીને સજ્જન પોતાનો સ્વભાવ છોડે નહીં, તો એક દિવસ તો પાપ છાપરે ચડીને પોકારે છે, ત્યારે દૂધનું દૂધ અને પાણીનું પાણી થઈને જ રહે છે.

હરિને ભજતા હજુ કોઈની લાજ જતા નથી જાણી રે...

નવાં વર્ષે નવા સંકલ્પ

ગુરુકુલ પરિવાર એટલે સ્વામિનારાયણ ભગવાનને વરેલો પરિવાર.

આ પરિવારનું પરમ લક્ષ્ય છે : સ્મરણ, સેવા, સમર્પણ, સ્નેહ, સદાચાર, સત્સંગ.

'ભગવાન શ્રી સ્વામિનારાયણનું ભજન કરવું.' એ પરિવારનું પ્રથમ અને સૌથી અગત્યનું વિશિષ્ટ અંગ છે.

'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ' નામમંત્ર સાથે ઈષ્ટદેવનાં સ્વરૂપનું ચિંતન કરતા રહી ભજન કરવું. સ્વામિનારાયણ નામસ્મરણથી પરિવારના પ્રત્યેક સભ્યનું વ્યક્તિગત અને આંતરિક જીવન સમૃદ્ધ બને એવી ભાવના પ્રગટ કરવી.

એક ભગવદીય અને ભજનિક સમુદાય તૈયાર કરવા માટે હરિસ્મરણ, કીર્તન, મંત્રલેખન અને સદ્ગ્રંથોના સ્વાધ્યાયનું નિત્ય નિયમિત અનુષ્ઠાન કરવું.

પોતાનાં જીવનની દૈનિક ક્રિયાઓમાં ભજન-સ્મરણને જોડી દેવું. હાલતા-ચાલતા, ખાતા-પિતા, નાતા-ધોતા દરેક ક્રિયામાં ભગવન્નામ સ્મરણ સાથે ભગવત્ સ્વરૂપનું, લીલાનું, ગુણોનું, ચિંતવન કરવું.

શ્વાસોચ્છ્વાસે સ્મરણ થાય એવો આગ્રહ પોતે પોતાના માટે રાખવો, એની ટેવ પાડવી. મૂર્તિનું અનુસંધાન રાખવું.

નામસ્મરણ કે મૂર્તિ ભૂલાય જઈ તો ફરી ફરી પ્રયાસ કરવો અને ભૂલ થાય તો પ્રાયશ્ચિત્તનું નિયમ પોતે જ લેવું અને એ નિયમનું દૃઢતાથી પાલન કરવું.

પ્રાત:પૂજામાં ભજન વધારવું. નામમંત્રની માળા, જનમંગલ સ્તોત્ર, મૂર્તિના ચિહ્ન ચિંતવન સાથે મંત્રજાપ કરવો, ભગવાન શ્રીહરિની સમગ્ર મૂર્તિ ધારીને એક એક તિલ-ચિહ્ન સાથે નામ સ્મરણ કરવું.

પાંચ માનસી પૂજા કરવી. માનસી પૂજા કર્યા વિના ભોજન, શયન કરવું જ નહીં.

હરિનવમી, એકાદશી, પૂનમ અને અમાસના દિવસે વિશેષ પૂજનમાં જોડાવું અને પરિવારના સભ્યો પણ આ સ્મરણયજ્ઞમાં જોડાય એવી ભાવના સેવવી.

દરરોજ ઘરમાં ભગવાનનાં મંદિરમાં થાળ ધરાવવા. સવાર-સાંજ આરતી-ધૂન-નિત્યક્રમ, નિત્યનિયમ વગેરે શ્રદ્ધાથી-પ્રેમથી કરવા.

સ્મરણ-ભજનના નિત્ય અનુષ્ઠાનથી પરિવારના સભ્યોમાં શુભભાવના સહિત શ્રદ્ધા અવશ્ય પ્રગટ થશે. માટે ધીરજ રાખીને નિયમપૂર્વક ભજન-સ્મરણના અનુષ્ઠાન કરવા.

વ્યક્તિગત જીવનમાં ભજન-સ્મરણ વધતા જશે તેમ પરિવારના જીવનમાં પ્રેમ, પ્રકાશ, પ્રસન્નતા આપોઆપ પ્રગટ થશે જ, એવી દૃઢ શ્રદ્ધાથી ભજન-સ્મરણમાં લાગ્યા રહેવું.

વ્યવહારની માથાકૂટની અસર ભજન-સ્મરણમાં ન થવા દેવી.

ભજન એ જ સાચી મૂડી છે.

સ્મરણ એ જ સંપત્તિ છે.

ભગવદ્ચિંતન એ જ જીવન છે.

આવા સ્મરણનાં દિવ્ય સંકલ્પો સાથે પ્રત્યેક સભ્ય ભજનમાં જોડાય.

ભજનની ભૂખ-હરિસ્મરણની પ્યાસ અને પ્રભુમિલનના તલસાટથી જ આવો સ્મરણનો મહિમા પ્રગટ થાય છે.

જેટલું ભજન-સ્મરણ વધારશે થશે, એટલું અજ્ઞાન-અંધારું દૂર થશે.

પ્રસાદીનો ભાવ

ઘેલો નદી ઘેલો થઈ આનંદમાં ગઢડાને પાદર ઠેકડા મારતી હાલી રહે છે.

ગામધણી એભલ ખાચરના હેત-પ્રેમે પાંચસો સાધુઓનો પથારો પાથરીને શ્રીહરિ લીંબતરુની છાંયે ઉત્તર-દખ્ખણ દિશાઓએ આસન રાખી બેસી, અવનવી ધર્મની વાતો જીવને કહી મોક્ષની કેડી બતાવે છે.

એ વખતે સંતો-હરિભક્તોમાં એકબીજાની હરિફાઈ લાગી છે.

"આજે તો શ્રીહરિને રાજી કરી હું પ્રસાદી મેળવી લઉં." એથી સૌ મનમાં તમન્નાથી અવનવી યુક્તિઓ કરે છે.

કોઈ સારા પોશાક લાવે, કોઈ ભાતભાતનાં ભોજન લાવે, કોઈ ફૂલહાર, તો કોઈ મેવા-મીઠાઈ ! શ્રીહરિની રોજ રોજ અનેરી શોભા વધારી વિવિધ કલાના ઓપ આપે. આવી હરિફાઈ વેળા પ્રેમાનંદ સ્વામીએ ભાવથી પાંચ ભાષાનું એક કાવ્ય બનાવ્યું.

'પ્રેમ સખી' કંઠથી તો મીઠા હતા, તેમાંએ હમણાં કવિતાઓ રચવા માંડી. પૂર્વતૈયારી રૂપે સર્વ સંતો આગળ પ્રથમ તે કાવ્ય સંભળાવ્યું. સાંભળનારા સૌ રાજી થયા.

પણ બ્રહ્માનંદ સ્વામીએ મર્મમાં કહ્યું, "સ્વામી ! હજુ તમે નવા કવિ છો. વળી કાવ્યમાં કાઠીની ભાષા વાપરી છે, તે કો'ક દી' અમને માર ખવડાવશો." એથી સ્વામીએ તે પછી એ કીર્તનનો કાગળ સંતાડી દીધો અને હતાશ હૈયે પોતાનાં આસને આવી બેસી ગયા.

થોડા દિવસ વીતતા મહારાજનું પૂજન કરવાની ઇચ્છાથી તેમણે મલિયાગર ચંદન ઘસી વાટકો ભર્યો. તે લઈ દાદાના દરબારે આવ્યા.

ચોકિયાત કરીમભાઈએ પૂછ્યું, "સ્વામી ! શું આવવું થયું ?"

સ્વામી કહે, "મહારાજની પૂજા કરવી છે. જરા પૂછી આવો ને !"

કરીમભાઈ મહારાજ પાસે આવતા બોલ્યા, "મહારાજ ! પ્રેમાનંદ સ્વામી પૂજા કરવાની ઇચ્છાથી આવ્યા છે. તમારી મરજી હોય તો આવે ?"

"આવવા દ્યો." મહારાજે રજા આપી.

મહારાજ પાસે આવતાં જ દંડવત્‌પ્રણામ કરી, મહારાજનાં કપાળે ચંદન-સુખડનો લેપ કર્યો. એ પછી ચાકુ લઈ નજીક સરકતા કહ્યું, "મહારાજ ! તમારા નખ ઊતારવા છે."

શ્રીહરિએ સ્વામીના હાથમાંથી ચાકુ લઈ ઢોલિયા ઉપર પડેલી સાકરટેટીની ડગલી પાડી. તેમાંથી થોડી ચાખી. એ સાકર ટેટી પાછી મેલી. તે વખતે પ્રેમાનંદ સ્વામીએ સાકરટેટીના બી અને છાલ પોતાની પાસેનું કપડું પાથરી તેમાં લઈ લીધા.

ફરી મહારાજે કેરી સુધારી, તેની છાલ-ગોટલી પણ પાથરણામાં નાંખ્યા. પછી બ્રહ્મચારીએ મહારાજના હાથ ધોવડાવ્યા. સ્વામીએ એ સઘળું પ્રસાદી માનીને કપડામાં બાંધીને બરાબર સાચવી ગાંઠ મારી.

તે વેળાયે પડખે બેઠેલા વિપ્ર દેવકૃષ્ણે કહ્યું, "કેમ સ્વામી ! સૌને મહારાજે પ્રસાદી આપવા માંડી, ત્યારે તમે કેમ ન લીધી ? તમારો કંઠ સારો રહ્યો છે તે બગડી જાય એ બીકે કશુંય જમ્યા નહીં ?"

"ના ! એવું નથી, પણ જ્યારે હું મોટા સંતો પાસે જાઉં છું ત્યારે તેઓ મને ઘણીવાર મહારાજની પ્રસાદી અચૂક આપે છે. તો આજે માંડ મને મોકો મળ્યો છે. એટલે સૌ માટે કશુંક તો લઈ જવું જોઈએ ! અમને તો ઘણા દા'ડે આવી પ્રસાદી મળી છે, જે અમે સૌને હેતથી આપીશું."

મહારાજ સ્વામીની વાત સાંભળી ખૂબ રાજી થતા બોલ્યા, "સ્વામી ! હવે એક નવું ગીત ગાઓ !"

સ્વામીને તો મહારાજની અનુમતિ જ જોઈતી હતી. કીર્તન ગાવા તૈયાર થયા. ત્યાં દેવકૃષ્ણે કહ્યું, "થોભી જાઓ સ્વામી ! તમને સિતાર વિના ગાવાની મજા નહીં આવે." પણ ભગવાન વિના ભક્તની રૂચિ કોણ સમજે !

સ્વામીએ કહ્યું, "મહારાજ ! સિતાર મારાં આસને પડી છે !"

મહારાજે હાકલ કરી, "એલા ! કોઈ જાઓ, સ્વામીનાં આસનેથી તેમની સિતાર લઈ આવો." એ જ વેળાયે નાજા જોગિયાએ દોટ મેલી.

"પણ જો જો સંભાળજો. બીજાઓથી છાનું રાખજો, ભંભેરાટ કરશો નહીં." મહારાજે નાજા જોગિયાને જતા જતા શિખામણ આપી.

"ભલે મહારાજ !" નાજો જોગિયો તો પવન વેગે ઊપડ્યા.

ગયા તેવા જ હડી કાઢતા સિતાર લઈ આવ્યા.

સિતાર હાથમાં લઈ સ્વામીએ તાર પર આંગળી સરકાવીને મધુર ઝંકાર કર્યો. ત્યારે શ્રીહરિએ કહ્યું, "સ્વામી ! ઘૂઘરા ચાલ વગાડોને !"

ત્યારે નાજા જોગિયાએ કહ્યું, "ના, મહારાજ ! એ તો ઘણી વખત સાંભળી, પણ સ્વામીએ એક નવું કીર્તન સારું બનાવ્યું છે, જેને કોઈ દી' તમે સાંભળ્યું પણ નહીં હોય."

નાજા જોગિયાનું સૂચન સાંભળી મહારાજે એ જ કીર્તન ગાવા આગ્રહ કર્યો. મહારાજની માંગણી થતા સ્વામીનું મોં સહેજ ઝંખવાયું. તેણે ધીરેથી કહ્યું, "મહારાજ ! એ કીર્તન માટે બ્રહ્માનંદ સ્વામીએ મને ઠપકો આપ્યો, તેથી એ કાગળ તો મેં ફેંકી દીધો."

શ્રીહરિ ઢોલિયા ઉપર થોડા કડક થઈ બેસી બોલ્યા, "સ્વામીની આટલી બધી આડોડાઈ ! હવે તો એ જ કીર્તન સંભળાવો. જોઈએ તો ખરા, તેમાં શો દોષ છે ?" શ્રીજી મહારાજનો પૂરો ટેકો મળતા સ્વામીએ ધીરા સાદે કીર્તનનો આરંભ કર્યો.

"મોહન બેન બજાઇ, ગૃહ તજી બન આઇ
ગિરધર બેસી સૂની કાની, તન કા સુધબુધ સબ બિસરી."

"વાહ, વાહ ! આ તો ખરી હિન્દુસ્તાની ભાષા !" મહારાજે ખુશ થઈ કહ્યું અને બીજી કડી શરુ થઈ.

"બેન ! મારા મા બાપે મુને વારી,
કે'છે તું ક્યાં જાય છે કુંવારી !
વણ તેડી તરછોડ્યા મુરારી,
શી વલે અમારી અમારી..."

"અરે...! વાહ રે વાહ ! આ તો શુદ્ધ ગુજરાતી ભાષા છે." કહી મહારાજ પલંગ પર ગોઠણભેર થઈ આનંદમાં બોલ્યા, "અહો...હો ! વાહ ! પ્રેમસખી વાહ ! કેટલો અમૂલભાવ ભર્યો છે !" મહારાજનો રાજીપો જોઈને સ્વામીએ આગળ ત્રીજી કડી ગાવા માંડી...

તબ બોલી એક મરમાલી,
મહારાજ વાત સાંભળો માલી,
આજ હું તો આ દિશ,
વનમાલી હઉં લીની કરતાલી."

પંક્તિ પૂરી થતાં જ સૌ હરખીને ડોલી ઊઠતા બોલ્યા, "વાહ ! વાહ !" અને મહારાજ તો પલંગ નીચે ઊતરી તાળીઓ પાડવા લાગ્યા અને કહેવા લાગ્યા, "વાહ...! આ તો કાઠીની ભાષા ! કમાલ કરી નાજા જોગિયા ! તમારું કહ્યું ખરું છે. આવું કદીયે સાંભળવા મળ્યું નથી."

"મહારાજ ! પ્રેમાનંદ સ્વામીએ તો કાઠી કુળને અમરપટ્ટો આપ્યો. અત્યાર સુધી ઘણા કવિઓ સાંભળ્યા, તેમાં અમારી બોલીનાં કીર્તન નથી કર્યાં."

"ખરું છે હોં...!" મહારાજે પણ સૂર પૂરાવ્યો.

પ્રેમસખીએ શ્રીહરિની વધાઈ લઈ, શીશ નમાવી ફરી કડી ઉપાડી....

"પ્રભુજી મેં તો થારી દાસી ઠાકોરે, હાંસીમાં જીવ નાસી,
'પ્રેમસખી' કંઠ લગાસી, આઇ મિલે બનવાસી."

પંક્તિ પૂરી થતાં જ મહારાજે ધૂબકો મારી દોટ દીધી અને 'પ્રેમસખી'ને બાથમાં લીધા અને કહ્યું, "ઓહો ! હો..! હો..! બહુ સુંદર, અતિ સુંદર સ્વામી." એમ કહી એ જ સમયે પ્રસન્ન થઈ બ્રહ્મચારી પાસે બુરાનપુરથી આવેલ શેલું મંગાવી સ્વામીને આપ્યું. સ્વામીએ બે હાથ જોડી કહ્યું, "મહારાજ ! મારે આને શું કરવું છે ? સાધુને એ ન શોભે." મહારાજ સાધુતાની ખુમારી જોઈને બોલ્યા, "રાખોને સ્વામી ! કોઈ ઉત્સવ-પ્રસંગે પહેરવામાં કામ આવશે !"

પણ શ્રીહરિના સંતો વર્તમાન પાળવામાં ચુસ્ત હતા, તેથી નમ્રતાથી સ્વામી બોલ્યા, "મહારાજ ! નિયમભંગ થાય એવું શા માટે કરો છો ?"

ત્યારે મહારાજે લાડુબાને કહ્યું, "ઓલી સુરતની પાંચ ફૂમકાવાળી જરિયાની ટોપી લાવો."

ત્યારે બ્રહ્મચારીએ કહ્યું, "મહારાજ ! એ ટોપી તેના માથા પર જશે, તો તેનું માથું ફરી જશે."

પણ આજે તો મહારાજને હૈયે મોજે દરિયો હતો. "તો ઓગણોતેરના કાળમાં અમે માથે મોવાળા રાખેલા, તે વખતે રાતી ટોપી કચ્છથી આવેલી, તે આપો." લાડુબાએ તે કચ્છની લાલ ટોપી મહારાજને આપી. મહારાજે પોતાના હાથે એ ટોપી સ્વામીના માથે પહેરાવી.

પ્રભુની પ્રસાદી માની પ્રેમાનંદ સ્વામી તો આનંદવિભોર બની ગયા. વળી વળીને શ્રીહરિને પગે લાગી અતિશય રાજી થતાં પોતાનાં આસન તરફ ફર્યા.

સ્વામી પોતાનાં આસને પહોંચે તે પહેલા વાયુવેગે વાત બધે ઠેકાણે પહોંચી ગઈ, કે 'આજે પ્રેમાનંદ સ્વામીએ પાંચ ભાષાનું કાવ્ય ગાઈ મહારાજને ખૂબ રાજી કર્યા. તેથી મહારાજે તેને તુંબરુ, નારદની જેમ પોતાનાં વસ્ત્રાલંકારો આપ્યાં.'

રસ્તા વચ્ચે જ બ્રહ્માનંદ સ્વામી પ્રેમાનંદ સ્વામીને મળ્યા, ઊભા રાખ્યા અને કહ્યું, "સ્વામી ! આજે આ બધી શેની રસલ્હાણ છે ?"

"સ્વામી ! ઓલ્યું તમે જે નાપસંદ કરેલ કાવ્ય મેં મહારાજને સંભળાવ્યું. તેમણે રાજી થઈ મને પ્રસાદી આપી." સૌ આશ્ચર્યચકિત થઈ અહોભાવથી સ્વામીને મનોમન વંદી રહ્યા.

સમાચાર દર્શન

શરદોત્સવ

શરદઋતુની સોહામણી પૂર્ણિમાની રાત્રિ એટલે ધવલરંગી ચાંદની રેલાવતી પૂર્ણિમાની રાત્રિ, ભગવાન અને ભક્તના મિલનની રાત્રિ અને આનંદ, ઉત્સવ, ઉલ્લાસની રાત્રિ. તારીખ ૯ ઓક્ટોબરના રોજ (SGVP)ના આંગણે દિવ્ય અને ભવ્ય ભક્તિસભર શરદપૂર્ણિમા મહોત્સવ ઉજવાયો.

આજના મંગલ પ્રભાતે 'સહજાનંદમ્'માં બિરાજમાન બાલસ્વરુપ શ્રી ઘનશ્યામ મહારાજનો પાટોત્સવ હોવાથી અભિષેક તથા અન્નકૂટનું આયોજન કરવામાં આવ્યું હતું. પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી તથા સદ્‌ગુરુ સંતો દ્વારા વિવિધ ફળો, ઔષધિઓ, કેસરજળ તેમજ તીર્થજળ દ્વારા શ્રી ઘનશ્યામ મહારાજનો ભવ્ય મહાભિષેક કરવામાં આવ્યો. અભિષેક બાદ અનેકવિધ વાનગી સભર અન્નકુટ શ્રી ઘનશ્યામ મહારાજને ધરાવવામાં આવ્યો હતો.

આ શુભ પ્રસંગે પૂજ્ય સ્વામીજીએ સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીને યાદ કરી બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મને ભજવા તથા પરમાત્માનો સર્વ જીવ-પ્રાણીમાત્રમાં વાસ છે એવું સમજી સદા આનંદમાં રહેવાની પ્રેરણા આપી હતી. મહોત્સવ દરમિયાન સમૂહ રાસ, વિદ્યાર્થીઓ દ્વારા નૃત્યો, ચાર આરતીના દર્શન તથા સદ્‌ગુરુ સંતોના આશીર્વાદનો અનેરો લ્હાવો ભક્તજનોએ માણ્યો હતો.

ખાસ શરદોત્સવનો માણવા ઉત્તરપ્રદેશના શિક્ષણમંત્રી શ્રી યોગેન્દ્રજી ઉપાધ્યાય તથા ગુજરાતના શિક્ષણ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી ઉપરાંત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે પુરાણી શ્રી હરિસ્વરુપદાસજી સ્વામી દ્વારા વ્યાખ્યાયિત 'વચનામૃત આધ્યયન ભાગ-૧' ગ્રંથનું વિમોચન કરવામાં આવ્યું હતું. ઉત્સવના અંતે સૌ હરિભક્તો દૂધપૌઆનો પ્રસાદ લઈ છૂટા પડ્યા હતા.

રાજકોટ-રીબડા :- તારીખ ૧૨ ઓક્ટોબરના રોજ રીબડા ખાતે પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીના સાનિધ્યમાં શરદોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુરુકુલ પરિવારના મોટી સંખ્યામાં ભક્તોએ પધારી ઉત્સવનો લાભ લીધો હતો.

દ્રોણેશ્વર ગુરુકુલ :- પરમ પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામીના સાંનિધ્યમાં ૧૩ તારીખે ધામધૂમથી શરદોત્સવ ઉજવાયો હતો. કષ્ટભંજન દેવ મારૂતિધામના વિશાળ પ્રાગંણમાં ઉજવાયેલા શરદોત્સવમાં પૂજ્ય સંતોએ કથાવાર્તાનો લાભ આપ્યો હતો. આ ઉત્સાવમાં આસપાસના ગામોમાંથી મોટી સંખ્યામાં હરિભક્તો ઉપસ્થિત રહ્યા હતા અને ઉત્સવ દર્શન-કથાવાર્તાનો લાભ લીધો હતો.

SGVP સદાવ્રતનો પ્રારંભ

તારીખ ૯ ઓક્ટોબર, શરદપૂર્ણિમાના પવિત્ર દિવસે શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ (SGVP) આમદાવાદ દ્વારા સદાવ્રતનો શુભારંભ કરવામાં આવ્યો છે.

પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી તથા પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીની પ્રેરણાથી પ્રારંભ થયેલા સદાવ્રતમાં દરરોજ પાંચસો જરૂરિયાતમંદોને ભોજન પીરસવામાં આવશે.

સદાવ્રતના પ્રારંભે ભગવાનની મહાપૂજા કરવામાં આવી હતી. તથા પૂજ્ય સ્વામીજી, પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામીના હસ્તે સદાવ્રતનો પ્રારંભ થયો હતો. આ પ્રસંગે ગુરુકુલના ટ્રસ્ટી શ્રી વિપુલભાઈ ગજેરા, નિવૃત્ત જજ શ્રી ઢોલરિયા સાહેબ, વલ્લભભાઈ બાબરિયા તથા રવજીભાઈ મોશીવાળા, ડૉ. ચિરાગભાઈ જોષી વગેરે મહાનુભાવો ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

ઉદ્‌ઘાટન પ્રસંગે પૂજ્ય સ્વામીજીએ જણાવ્યું હતું કે, ભૂખ્યા માણસની જઠરાગ્નિને ઠારવી એ સૌથી મોટું પુણ્ય છે. ભગવાન શ્રી સ્વામિનારાયણ સ્વયં સદાવ્રતો દ્વારા અનેક લોકોને જમાડતા. એ પરંપરાનો પ્રારંભ આજે SGVPમાં થઈ રહ્યો છે ત્યારે ખૂબ આનંદ થાય છે. આ સદાવ્રતમાં આવીને જે પ્રસાદ જમશે તેમનું ભગવાન શ્રીહરિ અવશ્ય સારું કરશે એવો અમને વિશ્વાસ છે.

આ સદાવ્રતમાં એશિયન ફાઉન્ડેશન ફોર હેલ્પ -

યુ.કે.ના સ્થાપક અ.નિ. ગોપાલભાઈ જીવનભાઈ પોપટ પરિવાર-યુ.કે., અ.નિ. ઈન્દુબેન કિશોરભાઈ મહેતા પરિવાર - યુ.કે., અ.નિ. લાલજીભાઈ ખીમજીભાઈ આનંદભાઈ કેરાઈ પરિવાર - યુ.કે., તથા માવજીભાઈ ખેતાભાઈ પટેલ પરિવાર - અમદાવાદ વગેરે પરિવારો યજમાન તરીકે જોડાયા છે. આ ઉપરાંત જેજે ભક્તોએ સહયોગ આપ્યો છે એ તમામ ભક્તો ઉપર ભગવાનની કૃપા વરસતી રહે એવી અમે પ્રાર્થના કરીએ છીએ.

સ્વચ્છતા અભિયાન

પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીની પ્રેરણાથી 'સ્વચ્છ ભારત' અભિયાન અંતર્ગત દર વર્ષે ૨, ઓક્ટોબર ગાંધી જયંતિના રોજ ગુરુકુલ પરિવાર દ્વારા સંતોના સથવારે સફાઈ અભિયાનનું આયોજન કરવામાં આવે છે. આ સફાઈ અભિયાનમાં ૩૦૦ યુવાનો, વિદ્યાર્થીઓ તથા સંતોએ પરમ પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામીના માગદર્શન પ્રમાણે અમદાવાદ ગુરુકુલના આજુબાજુના વિસ્તારોની સફાઈ કરી હતી. ત્રણ-ચાર કલાકમાં ગુરુકુલ રોડ, ડ્રાઈવ-ઈન રોડ તેમજ તેની સાઈડની તમામ નાની નાની શેરીઓ સ્વચ્છ અને સુંદર થઈ ગઈ હતી. આ સફાઈ અભિયાનમાં ટ્રેક્ટરની દશ ટ્રોલી કચરો ભેગો કરી યોગ્ય નિકાલ કર્યો હતો. આ ઉપરાંત દર્શનમ્ તથા SGVP ના વિદ્યાર્થીઓએ કેમ્પસ તથા એ.જી. હાઈવે ઉપર સફાઈ કરી હતી.

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ (SGVP) દ્રોણેશ્વરને આંગણે

મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ

તા.૧૪ થી ૧૮ જાન્યુઆરી, ૨૦૨૩

પોષ વદ ૭ થી ૧૧

પ્રેરક : પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામી

માર્ગદર્શક : પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી

મહોત્સવના મંગલ આયોજનો

- શ્રીમદ્ સત્સંગિજીવન કથા
- પ્રતિષ્ઠા વિધિ વૈદિક યજ્ઞ
- શ્રી મહાવિષ્ણુયાગ
- ચતુર્વેદ પારાયણ
- મહાભિષેક
- પોથીયાત્રા, નગરયાત્રા
- અન્નકૂટોત્સવ
- સાંસ્કૃતિક કાર્યક્રમ
- ગૌપૂજન
- વિદ્યા સહાય
- શાકોત્સવ
- રાસોત્સવ
- મહિલા મંચ
- રક્તદાન કેમ્પ
- સર્વરોગ નિદાન કેમ્પ

સંપર્ક : 98790 00951, 99099 77726

શ્રદ્ધાસુમન

અ.નિ. પ.ભ. પ્રફુલભાઈ બાલકૃષ્ણ દવે :- અમદાવાદ નિવાસી પ.ભ પ્રફુલભાઈ દવે તારીખ ૨૨-૯-૨૦૨૨ના રોજ અક્ષરવાસી થયા છે. આ પરિવાર ખૂબ સારો સત્સંગ રાખે છે. ગુરુકુલ તથા સંતો સાથે અપાર હેત ધરાવનારા પ્રફુલભાઈના પવિત્ર આત્માને ભગવાન શ્રીહરિ પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા સરોજબેન, કેતન, કૃતાર્થ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી જેનીશ પ્રફુલભાઈ સાવલિયા :- સુરત નિવાસી શ્રી જેનીશ પ્રફુલભાઈ સાવલિયા ૨૮ સપ્ટેમ્બર ૨૦૨૨ના રોજ અક્ષરવાસી થયા છે. મેમનગર ગુરુકુલના ભૂતપૂર્વ વિદ્યાર્થી તથા ખૂબ ઉત્સાહી અને સેવક જેનીસના અક્ષરવાસથી સમગ્ર પરિવાર ભારે શોકની લાગણી અનુભવે છે. ભગવાન શ્રીહરિ જેનીશના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. પ.ભ. શ્રી અરજણભાઈ વાઘજીભાઈ ગોંડલીયા :- અમદાવાદ નિવાસી અરજણભાઈ ગોંડલીયા ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૨ના રોજ અક્ષરવાસી થયા છે. અરજણભાઈના આત્માને ભગવાન શ્રીહરિ પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા સર્વ પરિવારજનોને ધીરજ આર્થના એવી પ્રાર્થના.

અ.નિ. મિવાન સુભાષભાઈ ભેસાણીયા :- અમદાવાદ નીવાસી સુભાષભાઈના પુત્ર મિવાન ૭ ઓક્ટબર ૨૦૨૨ના રોજ અક્ષરવાસી થયા છે. ગુરુકુલ સાથે ખૂબ સારી રીતે જોડાયેલા સુભાષભાઈના પુત્ર મિવાના આત્માને ભગવાન શ્રીહરિ પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. પ.ભ. શ્રી વલ્લભભાઈ આંબાભાઈ વસાણી :- ગુરુકુલના સન્નિષ્ઠ સેવક તથા સદ્‌ગુરુ સંતોના કૃપાપાત્ર વલ્લભભાઈ વસાણી ૮૮ વર્ષની ઉંમરે ૧૦ ઓક્ટોબર ૨૦૨૨ના રોજ અક્ષરવાસી થયા છે. વલ્લભભાઈએ ભજન અને સેવા દ્વારા શાસ્ત્રીજી મહારાજ વગેરે સંતોનો ખૂબ રાજીપો મેળવ્યો હતો. ભજન કરવું એ એમનું જીવન હતું. આવા ભજનપરાયણ વલ્લભભાઈ ભગવાન શ્રીહરિનું સદાય સુખ ભોગવે તથા પ્રાગજીભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ આર્થના એવી પ્રાર્થના.

અ.નિ શ્રી રંજનબેન મહેન્દ્રભાઈ જોશી :- અમદાવાદ નિવાસી તથા દર્શનમ્‌ના ઋષિકુમાર ધરમ જોષીના માતુશ્રી રંજનબેન મહેન્દ્રભાઈ જોશી તારીખ ૨૧ સપ્ટેમ્બર ૨૦૨૨ રોજ અક્ષરવાસી થયા છે. ભગવાન શ્રીહરિશ્રી રંજનબેના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા સુપુત્ર કેતન તથા ધરમ તેમજ સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી જસુમતિબેન જયરામભાઈ પટેલ :- અમદાવાદ નિવાસી શ્રી જસુનતિબન પટેલ તારીખ ૫ ઓક્ટબર ૨૦૨૨ના રોજ અક્ષરવાસી થયા છે. આ પરિવાર ગુરુકુલ સાથે જોડાયેલો છે. ભગવાન શ્રીહરિ જસુનતિબનના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તેમજ જયરામભાઈ તથા સુપુત્ર પ્રવિણભાઈ, હિંમાશુભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

ગુરુકુલમાં રસોઇ

પ.ભ. શ્રી મનસુખભાઈ કેશવભાઈ દુધાત, અમદાવાદ
પ.ભ. શ્રી નંદલાલભાઈ બાબુભાઈ અકબરી, જામનગર
અ.નિ. દિવાળીબેન સુંદરજીભાઈ ગોહિલ,
હ. ચંદ્રકાંતભાઈ ગોહિલ, અમદાવાદ
અ.નિ. સાકરબેન હરીભાઈ ડોબરીયા, અમદાવાદ
અ.નિ. નિલેશભાઈ હર્ષદરાય ત્રિવેદી
હ. કમલેશભાઈ ત્રિવેદી (સુપુત્ર-જય), બાયડ
અ.નિ. રતનબેન વિરજીભાઈ પટેલ,
હ. પ્રેમચંદભાઈ પટેલ, અમદાવાદ
અ.નિ. પ્રેમીલાબેન પ્રેમચંદભાઈ પટેલ,
હ.પ્રેરકભાઈ પટેલ, અમદાવાદ
પ.ભ. શ્રી કલ્પેશભાઈ બવાડિયા, અમદાવાદ
અ.નિ. દેવશીભાઈ ત્રિકમભાઈ લાદની, અમદાવાદ
અ.નિ. રાજેન્દ્રભાઈ ઘનશ્યામભાઈ ટપરીયા, કેરા - કચ્છ
પ.ભ. શ્રી મનજીભાઈ લાલજીભાઈ હિરાણી, કચ્છ
અ.નિ. વિણાબેન પ્રફુલભાઈ કસવાળા,
હ. પ્રફુલભાઈ એચ. કસવાળા, સાવરકુંડલા
અ.નિ. વસંતબેન છેલશંકરભાઈ જોષી,
હ. નિરજભાઈ રોજેશભાઈ જોષી, અમદાવાદ
શ્રી કાંતાબેન જેન્તીભાઈ હીરાણી
પ.ભ. શ્રી જશ મનોજભાઈ ઠુમ્મર, SGVP વિદ્યાર્થી
પ.ભ. શ્રી વિઠ્ઠલભાઈ બાબુભાઈ ખિચડીયા, સુરત
પ.ભ. શ્રી પરષોત્તમભાઈ વરમોરા, અમદાવાદ

આગામી આયોજન

તા. ૦૨/૧૧/૨૨, બુધવાર : **હરિજયંતી :** સવારે શ્રી નીલકંઠવર્ણી પયોભિષેક તથા રાજોપચાર પૂજન. મેમનગર ગુરુકુલ
તા. ૦૪/૧૧/૨૨, શુક્રવાર : **પ્રબોધિની એકાદશી :** કીર્તનભક્તિ સાંજે ૮:૩૦ કલાકે, મેમનગર ગુરુકુલ
તા. ૨૦/૧૧/૨૨, રવિવાર : **ઉત્પત્તિ એકાદશી :** દીવાળી ઉત્સવ પ્રારંભ, રોજ રાત્રે ૮:૩૦ કલાકે કીર્તનભક્તિ, મેમનગર ગુરુકુલ
તા. ૨૭/૧૦/૨૨, રવિવાર : **વચનામૃત જયંતી :** શ્રીઘનશ્યામ મહારાજ પાટોત્સવ, અભિષેક સવારે ૬:૪૫ કલાકે
૯:૩૦ કલાકે અન્નકૂટ દર્શન, મેમનગર ગુરુકુલ

નૂતન પિઠાસીન દ્વારકાના શંકરાચાર્ય શ્રી સદાનંદ સરસ્વતીજી મહારાજ તથા
જ્યોતિષ પીઠના અભિમુક્તેશ્વરાનંદ સરસ્વતી મહારાજનું પૂજન કરતા આચાર્યશ્રી રામપ્રિયજી તથા સંતો

નૂતન સદાવ્રતનો પ્રારંભ કરાવતા પૂજ્ય સ્વામીજી, સંતો-મહાનુભાવો તથા ભોજન કરતા સદાવ્રતીઓ, SGVP

૨ ઓક્ટોબર, ગાંધીજયંતીના રોજ સંતો-ભક્તો દ્વારા
યોજાયું સફાઈ અભિયાન, મેમનગર ગુરુકુલ

નાઈરોબી ખાતે નૂતન નિર્માણાધીન વડતાલ ધામની મુલાકાતે
પૂજ્ય સ્વામીજી, સંતો તથા ટ્રસ્ટી શ્રી કાનજીભાઈ વરસાણી

શ્રી સ્વામિનારાયણ સનાતન મંદિર સવાનાહ ખાતે યોજાયેલ નવરાત્રિ મહોત્સવ તથા બાલાજી ભગવાનના કલ્યાણ મહોત્સવમાં
ઉપસ્થિત ભક્તજનો, અમેરિકા

"GURUKUL DARSHAN" R.N.I.No. GUJGUJ/2009/28937. Registered under Postal Reg. No. GAMC-1468/2022-2024
Valid Upto 31-12-2024 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 25th of every month.
Licence to post without Prepayment No. PMG/NG/92/2022-2024 valid upto 31-12-2024. Date of Publication is 25th of every month.

શરદપૂર્ણિમા પ્રસંગે સંત નિવાસમાં બિરાજમાન શ્રી ઘનશ્યામ મહારાજના પાટોત્સવ પ્રસંગે અભિષેક-અન્નકૂટ દર્શન તથા શરદોત્સવમાં ઉપસ્થિત સંતો, મહાનુભાવો તથા ભક્તજનો, SGVP

હિન્દુ ટેમ્પલ ખાતે યોજાયેલ સત્સંગ સભામાં ઉપસ્થિત પૂજ્ય સંતો તથા ભક્તજનો, જીંજા-આફ્રિકા

સત્સંગ સભા પ્રસંગે પૂજ્ય સ્વામીજી તથા સંતો સાથે ટોરોરો સત્સંગ મંડળના સભ્યો, ટોરોરો-આફ્રિકા

If undelivered Please Return to:
Shree Swaminarayan Gurukul
Gurukul Road, Memnagar,
Ahmedabad - 380052

To.

Printed and Published by Purani Balkrushnadas on behalf of shree Swaminarayan Gurukul memnagar, Ahmedabad. Printed at Surya offset, Bopal, Ahmedabad and published from shree Swaminarayan Gurukul Memnagar, Ahmedabad 380052. Editor : Parshad Shamjibhagat

વાર્ષિક લવાજમ રૂા. ૫૦/- પંચવાર્ષિક લવાજમ રૂા. ૨૫૦/-